# હિન્દી ફિલ્મોમાં સામાજિક પરિવર્તનમાં યુવાનોની ભૂમિકા :એક અભ્યાસ

ફાલ્ગુની ઈશ્વરભાઈ વાઘેલા
એડ.હોક આસી. પ્રોફેસર અને રીસર્ચ સ્કોલર, એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર

### ૧. પ્રસ્તાવના

ભારત દેશને સ્વતંત્ર થયાને ૭૦ વર્ષ થયાં છતાં તે પછાત દેશમાંથી વિકાસમાન દેશ તરફ પ્રયાણ કરી રહ્યો છે. દેશના વિકાસમાં યુવાનોનું મહત્વ વિશેષ છે.ભારત યુવાનોનો દેશ છે,ત્યારે રાષ્ટ્રના વિકાસની પગદંડી પર યુવાનો પ્રસ્થાન કરે તો રાષ્ટ્રનિર્માણ થઇ શકે. મનોરંજન ક્ષેત્રે ટી.વી ફિલ્મોની ભૂમિકા અગત્યની બની રહી છે. ફિલ્મની સકારાત્મક અને નકારાત્મક અસરો જોવા મળે છે .ફિલ્મોમાં દર્શાવાતી મારામારી,બળાત્કાર ,લૂટફાટ,અયોગ્ય પહેરવેશ વગેરેને કારણે નકારાત્મક અસર થાય છે. ‘હમ સાથ સાથ હે,’ ‘બાગબાન’ જેવી ફિલ્મો યુવાનોમાં પારિવારિક એકતાનો સંદેશ આપી સકારાત્મકતા કેળવે છે.’દંગલ’ જેવી ફિલ્મ પિતાની ભૂમિકા સાથે દીકરીઓના ઉત્થાનના વિચાર સાથે સતત કાર્યથી સફળતા મળે છે, તેવો સંદેશ આપે છે. આમ ફિલ્મો ઘણું બધું શીખવે છે. બોલીવુડની હિન્દી ફિલ્મો પણ સુસંદેશ પ્રસારવામાં પોતાની ભૂમિકા ભજવી રહી છે.ત્યારેસામાજિક પરિવર્તનમાં હિન્દી ફિલ્મોની ભૂમિકા સંદર્ભે અભ્યાસ કરવાનો વિચાર સ્ફૂર્યો. તે સંદર્ભે ‘હિન્દી ફિલ્મોમાં નિર્દેશિત સામાજિક પરિવર્તનમાં યુવાનોની ભૂમિકા સંદર્ભે અભ્યાસ’ વિષય પસંદ કરી સંશોધન કરવામાં આવેલ છે.

### ૨. સમસ્યા કથન

હિન્દી ફિલ્મોમાં સામાજિક પરિવર્તનમાં યુવાનોની ભૂમિકા : એક અભ્યાસ

### ૩. અભ્યાસના હેતુ

(૧) પસંદિત ફિલ્મોમાં નિર્દેશિત સામાજિક પરિવર્તનમાં યુવાનોની પરિવર્તન લાવવાની કટિબધ્ધતા અંગે અભ્યાસ કરવો.
(૨) પસંદિત ફિલ્મોમાં નિર્દેશિત સામાજિક પરિવર્તન માટે યુવાનો દ્વારા સમાજને- સતાને પડકારવાની તરેહનો અભ્યાસ કરવો.
(૩) પસંદિત ફિલ્મોમાં નિર્દેશિત સામાજિક પરિવર્તન દ્વારા યુવાધનની રાષ્ટ્રને વિકસિત કરવાની કટિબધ્ધતા નો અભ્યાસ કરવો.
(૪) પસંદિત ફિલ્મોનું વિષયવસ્તુ વિશ્લેષણ કરી રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે તારણો તારવવા .

### ૪. અભ્યાસનું મહત્વ

યુવાનો દરેક દેશમાં મુલ્યવાન માનવ સંસાધન છે. રાષ્ટ્રના વિકાસ, પ્રગતિ માટે,નવીનતાઓથી સભર રાષ્ટ્રનું નિર્માણ આ યુવાવર્ગ કરી શકે છે. આજે આપણા ભારત દેશમાં ભારતીય યુવાનો વસ્તીનો ત્રીજો ભાગ બનાવે છે. રાજીવ ગાંધી નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ યુથ ડેવલપમેન્ટના જણાવ્યા મુજબ ,ભારત એક યંગ રાષ્ટ્ર છે અને તેનો યુવાવર્ગ અભિન્ન અને આવશ્યક ભાગ છે.દેશની વિકાસ પ્રક્રિયાની ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ યુવાનોની દેશમાં વસ્તી ૪૨૨૩ મિલિયન છે. જે ભારતની વસ્તીના ૪૧% થી વધુ છે.ભારતીય યુવાનોએ સ્વાતંત્ર્ય ચળવળમાં પણ પ્રેરણાદાયી ભૂમિકા ભજવી હતી. સામાજિક પરિવર્તન એ ખુબ અગત્યનું કાર્ય છે.આ કાર્યમાં દરેક યુવાન સહભાગી થાય તે આ અભ્યાસનો મુખ્ય હેતુ છે.

આજનો યુવાન ચલચિત્રો સાથે વધુ સંકળાયેલ છે. રાષ્ટ્રના નિર્માણમાં ચલચિત્ર પણ ખુબ મહત્વની ભૂમિકા ભજવે છે. આવા જ ચલચિત્રના અમુક સંવાદો જે સમાજને નવીન પરિવર્તન તરફ દોરી શકવા સમર્થ છે. જેને આજનો યુવાન સમજે તે ખુબ અગત્યનું છે.

### ૫. અભ્યાસની મર્યાદા

(૧) પ્રસ્તુત સંશોધનમાં બોલીવુડની હિન્દી ફિલ્મો કે જેમાં સામાજિક પરિવર્તનમાં યુવાધનની ભૂમિકાનો નિર્દેશ થયો હોય તેવી ફિલ્મો પસંદ કરેલ છે.

(૨) પ્રસ્તુત સંશોધન બોલીવુડ ની ફક્ત બે હિન્દી ફિલ્મો સિમિત છે. આ બે હિન્દી ફિલ્મોના શીર્ષક છે ટોયલેટ: એક પ્રેમ કહાની અને પેડમેન.

(૩) પ્રસ્તુત સંશોધનમાં ફક્ત સામાજિક પરિવર્તનને સ્પર્શતા સવાંદોનો જ વિશ્લેષણ અને અર્થઘટન માટે ઉપયોગ કરેલ છે.

(૪) પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન હોઈ આંકડાશાસ્ત્રની કોઈપણ પધ્ધતિ કે કોષ્ટક રચના ઓનો સમાવેશ થયો નથી.

### ૬. સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે

### ૭. સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનમાં સૌ પ્રથમ રાષ્ટ્રનિર્માણ ,રાષ્ટ્રવિકાસ, દેશપ્રેમ, દેશ માટેના બલિદાન ની વાત રજુ કરવામાં આવી હોય તેવા ચલચિત્ર પસંદ કરવામાં આવ્યા છે.

### ૮. પસંદિત ચલચિત્ર ની યાદી

ટોઈલેટ :એક પ્રેમ કહાની (૨૦૧૭)
પેડમેડ (૨૦૧૮)

- પસંદિત ચલચિત્રોમાંથી દેશની વ્યક્તિઓને અંધશ્રધ્ધાઓ ,જૂની માન્યતાઓ ,શરમ છોડીને એક નવો જ વિચાર આપનાર, દેશની સ્ત્રીઓ કમાતી થાય તેવું એક પગલું ભરનાર અને આવી તો ઘણી એવી મુલ્યલક્ષી વાત આપેલ છે. એવી બે હિન્દી ફિલ્મ(૧)ટોઈલેટ :એક પ્રેમ કહાની અને(૨) પેડમેન ચલચિત્ર પસંદ કરવામાં આવી છે.
- સૌ પ્રથમ આ બંને ચલચિત્રને ખુબ જ ધ્યાનથી જોવામાં આવ્યા.
- આ ચલચિત્રોમાં જ્યાં યુવાન થકી રાષ્ટ્રના વિકાસની વાત થઇ છે, તેવા સંવાદોની નોધ કરવામાં આવી.
- આ બધાં જ સંવાદોમાં મુખ્ય ચાવીરૂપ શબ્દોની શોધ કરવામાં આવી.
- બધાં જ વિચાર એકમોને પૂર્વનિર્ધારિત પેટાજુથોમાં વહેચવામાં આવ્યા.
- દરેક વિચાર એકમમાં રાષ્ટ્ના વિકાસ ,રાષ્ટ્ર નિર્માણ માટેની વાતને યોગ્ય રીતે સ્પષ્ટ કરવામાં આવી.

### ૯. માહિતીનું એકત્રીકરણ અને અર્થઘટન

પસંદિત ચલચિત્રોમાંથી પ્રાપ્ય સંવાદોને નીચેના વિચારજૂથોમાં વિભાજીત કરી તેમનું વિષયવસ્તુ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

### ૧૦. યુવાધનની સામાજિક પરિવર્તન લાવવાની કટિબધ્ધતા

| વિચાર એકમો | સ્ત્રોત | ચાવીરૂપ શબ્દ |
|---|---|---|
| (૧) એક શૌચ કે લિયે ઈતના ગુસ્સા પહલે પતા હોતા તો મેં શાદી હી ન કરતી. | ટોઈલેટ:એક પ્રેમ કહાની | •શૌચ માટેનો ગુસ્સો<br>•લગ્ન કરતા શૌચાલયને વધુ મહત્વ |
| (૨) આશિકોને તો આશિકી કે લિયે તાજમહાલ બના દિયા, સાલા હમ એક સંડાસ ન બના શકે. | ટોઈલેટ:એક પ્રેમ કહાની | •તાજમહાલ બનાવવો<br>•સંડાસ ન બનાવી શકવું. |
| (૩) અબ બીવી વાપસ આયે યા ના આયે સંડાશ તો લાકે છોડેગા ઈસ ગાંવ મેં. | ટોઈલેટ:એક પ્રેમ કહાની | •પત્ની ન આવે પણ સંડાશ લાવવું. |
| (૪) અગર હમ અપની જનસંખ્યા કો જન કિ સંખ્યા નહિ બલ્કી જહાન કી સંખ્યા કી તરહ દેખતે તો દુનિયા | પેંડમેન | •આપણી જનસંખ્યાને જનની સંખ્યા નહિ પરંતુ જહાનની સંખ્યાની રીતે જોવું. |

| | | |
|---|---|---|
| મેં હમસે બડી તાકાત ઔર કોઈ હો નહિ હો શકતી . | | |
| (૫) પુરસ્કાર મિલે ય ન મિલે આવિષ્કાર ચલતે રહના ચાહીએ | પેંડમેન | •પુરસ્કાર નહિ આવિષ્કાર ને મહત્વ |

યુવાધનની પરિવર્તન લાવવાની કટિબધ્ધતા વિચારજુથ અંતર્ગત પસંદિત ચલચિત્રમાંથી કુલ ૫ સંવાદો / વિચાર એકમો પ્રાપ્ત થયેલ છે. પ્રસ્તુત સંવાદોને ભાષાકીય વિશ્લેષણ કરતા માલુમ પડે છે કે આ સંવાદો (વિચાર એકમો) ચલચિત્રના નાયક /નાયિકા કે અન્ય પાત્રની કંઈક કરવા માટેની સઘન ભાવાત્મક અભિવ્યક્તિ છે.

**વિચારએકમ ૧** સ્પષ્ટ કરે છે કે યુવાવર્ગ માટે અત્યત તુચ્છ લાગતી બાબતો જેવી કે 'શૌચ' પ્રતિ સમાજનું પરંપરાગત વલણ બદલાય તે ઈચ્છનીય છે.આથી જ સમાજને જે અત્યંત આવશ્યક લાગે છે તે 'લગ્ન'યુવાવર્ગ માટે શૌચની વ્યવસ્થાની સાપેક્ષે બિન મહત્વપૂર્ણ છે.

**વિચાર એકમ ૨** માં એ જ રીતે યુવાવર્ગ ખ્યાતિ મેળવવા માટે બંધાયેલ સૌદર્ય –પ્રેમનો પ્રતીક સમો તાજમહલ પણ તુચ્છ છે.વિકાસશીલ દેશ માટે સન્માન કે સૌદર્યભિમુખતા ત્યારે જ અર્થપૂર્ણ છે કે જયારે પાયાની સવલતો ઉપલબ્ધ હોય.ઉપરોકત બંને વિચાર એકમોને મનોવૈજ્ઞાનિક મેસ્લો સૂચિત જરૂરીયાતોના કોટિક્રમ સંદર્ભે વધુ ગહનતાથી આપણે સમજી શકીએ .

**વિચાર એકમ ૩** માં "લાં કે હી છોડેગે "ચાવીરૂપ શબ્દ યુવાવર્ગની પરિવર્તન લાવવાની કટિબધ્ધતા પ્રત્યેનો સખત ઝુકાવ સ્પષ્ટ કરે છે.અહી પણ 'પત્ની' નહિ પાયાની સુવિધાને મહત્વપૂર્ણ ગણી તેના માટે કાર્યરત થવાની યુવાધનની ખાસિયત ઉભરી આવે છે.પ્રસ્તુત વિચાર એકમ જોન ઓફ કેનેડી ના વિચાર સાથે બંધ બેસે છે. જેમાં કહેવામાં આવ્યું છે કે સામાજિક પરિવર્તન માટે તમે કોઈ ક્રિયા /કાર્ય કરી તેમાં જોખમો વહોરવાં સારા.આમ પ્રસ્તુત વિચારએકમ યુવાવર્ગની લાક્ષણિકતા 'taking risky action' ને ઉજાગર કરે છે.જે 'comfertable in action'નું વિરોધી લાક્ષણિકતા છે.

**વિચારએકમ ૪** યુવાવર્ગના નવીન દ્રષ્ટિબિંદુનો પરિચય કરાવે છે.જેમાં કોઈ 'મર્યાદા'ને 'તાકાતમાં' પરિવર્તિત કરવાનો ઉલ્લેખ છે.વિચારએકમમાં ભારતની વસ્તીને ચીલાચાલુ વિચારણાનુસાર મર્યાદાયુકત ગણવામાં આવી છે. પરંતુ આ માટે જરૂરી છે કે You must dream of the world .You want to live in dream out loud.

સામાજિક પરિવર્તન માટે કટિબધ્ધતા ધરાવનાર યુવા સ્વ-અર્થી કદાપિ ન હોઈ શકે .એ વાત વિચારએકમ ૫ પરથી સ્પષ્ટ બને છે.'પુરસ્કાર નહિ ,આવિષ્કાર' ચાવીરૂપ શબ્દ આ વિચાર એકમનું હાર્દ છે. Euripideo કહે છે કે "Youth is the best time to be rich and bed time to be poor".પરિવર્તન ની કટિબધ્ધતા ધરાવનાર યુવા કંઈક નવું કરી આંતરિક સમૃધ્ધતા હાંસલ કરે છે.જયારે માત્ર સિધ્ધિ મેળવવા જ કંઈક કરતો યુવા આંતરિક રીતે દરિદ્ર બનતો જાય છે. આમ, ઉપરોક્ત પાંચ વિચારએકમો સ્પષ્ટ કરે છે કે સામાજિક પરિવર્તન માટેની કટિબધ્ધતા ધરાવતા યુવા વર્ગમાં જીવનની અગ્રિમતા અંગેના સમાજલક્ષી દર્શકો હોય છે.જોખમો ખેડવાની તૈયારી હોય છે.નવીન દ્રષ્ટિકોણથી પરિસ્થિતિને મુલવવાની તર્કશક્તિ હોય છે અને 'પરિવર્તન એ જ લક્ષ્ય' એવી ગહન સમજ હોય છે.

**(૨) યુવાધન દ્વારા સતાને પડકાર**

| વિચાર એકમ | સ્ત્રોત | ચાવીરૂપ શબ્દ |
|---|---|---|
| (૧) અપની ઔરત કા સબકે સામને પ્રદર્શન કરના ધર્મ હે યા ખુલ્લે મેં હગને મેં મોક્ષ હોતા હે. | ટોઈલેટ:એક પ્રેમ કહાની | •સ્ત્રીનું બધાંની સામે પ્રદર્શન –ધર્મ<br>•ખુલ્લામાં શૌચ – મોક્ષ |
| (૨) એક ઔરત કઈ હિફાજત કરનેમેં નાકામયાબ ઈન્સાન ખુદ કો મર્દ કૈસે કહ શકતા ? | ટોઈલેટ:એક પ્રેમ કહાની | •ઔરત ની હિફાજતમાં નાકામયાબ વ્યક્તિ મર્દ કેવી રીતે? |

યુવાધન દ્વારા સતાને કે સમાજને પડકાર સદર્ભે પસંદિત ચલચિત્રમાથી કુલ બે સંવાદો પ્રાપ્ત થયેલ છે. વિશ્લેષણ કરતાં માલુમ પડે છે કે નાયક સમાજના લોકો સતાધીશોની જૂની માન્યતાઓ,પરંપરાથી વ્યગ્ર થઈ પોતાની લાગણીઓને વાચા આપી છે.

**વિચારએકમ ૧** માં નાયક નાયક નો સ્ત્રીનું બધાંની સામે પ્રદર્શન –ધર્મ ,ખુલ્લામાં શૌચથી -મોક્ષ આ કટાક્ષ વાક્યથી સતાધીશો અને સમાજના લોકોને સ્ત્રીના સન્માન તેમજ તેની મહત્વની જરૂરિયાતોને સંતોષવાની વાત વેધક રીતે રજૂ કરેલ છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ કહેવાયું છે કે यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवता . જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પણ

ખુશ થાય છે. આમ દેશનો યુવાન સ્ત્રીનું સન્માન ન જળવાય તો જોખમ વેઠીને પણ સતાને-સમાજને પડકાર આપવાની તૈયારી બતાવે છે.

**વિચારએકમ ૨** માં એક સાચો મર્દ કોને કહી શકાય તેનો ખુબ સુંદર વિચાર રજૂ થયો છે. અહીં નાકામયાબ વ્યક્તિ પૈસા, સતા કે કીર્તિ પ્રાપ્ત ન કરી શકનાર વ્યક્તિ નથી . પણ જે પોતાની સ્ત્રીની રક્ષા ન કરી શકે તે મર્દ નથી તેમ કહ્યું છે. તેથી જ કહેવાય છે કે A Real men chooses to honor ,love respect ,adore and be faithful to one women.તેથી જ કહેવાય છે કે કોઈપણ દેશ કેટલો સારો છે, તે સૌથી પહેલાં એ જ આધારે કહેવાય છે કે દેશમાં મહિલાઓ કેટલી સુરક્ષિત છે. આમ મર્દ એને ન કહેવાય જે તાકાતવાન હોય પણ જે સ્ત્રીની રક્ષા કરે તેનું સન્માન કરે તેને ખરેખર મર્દ કહેવાય એમ આજના યુવાનો માને છે.

આમ, ઉપરોક્ત બે વિચાર એકમો સ્પષ્ટ કરે છે કે યુવાધનમાં પરિવર્તન લાવવાની કટિબધ્ધતાને કારણે, સારાં-નરસાં પાસાં ને તપાસી પોતાની વાત સાચી છે એમ લાગતાં સમાજ-સતાને પડકાર આપે છે. તેનામાં જોખમ ખેડવાની તૈયારી અને પડકાર નો સામનો કરી લક્ષ્ય સુધી પહોચવાનો ધ્યેય દેખાઈ આવે છે.પ્રસ્તુત બે વિચારએકમો સ્વામી વિવેકાનંદનાં વિચાર સાથે બંધ બેસે છે.Take risks in your life ,if you win ,you may lead. if you loose, you may guide.

## ૧૧. તારણો

(૧) સામાજિક પરિવર્તન માટે વાચ્છુક યુવાધન પોતાના જીવનની મહત્વાકાક્ષાઓને બદલે મૂળભૂત જરૂરિયાતની પ્રાપ્તિને મહત્વ આપે છે.

(૨) ) સામાજિક પરિવર્તનનું સ્વપ્ન સાકાર કરવા જોખમોનો સામનો કરવો જ પડે .યુવાધનમાં સામાજિક પરિવર્તન લાવવા માટે કોઈપણ કાર્યમાં જોખમ ખેડવા માટે તૈયાર રહેવું પડે .

(૩) યુવાધન રાષ્ટ્રના વિકાસ માટે રાષ્ટ્રની વસ્તીવધારાની સમસ્યાને મર્યાદારૂપ ન ગણતાં તેને તાકાત બનાવવી પડે.

(૪) પરિવર્તનનો પરિવ્રાજક આજના યુવાન માટે પુરસ્કાર નહી આવિષ્કાર ની વાત આવશ્યક કરવી.

(૫) જૂની માન્યતાને આજનું યુવાધન વૈજ્ઞાનિક એરણ પર તપાસી જુએ છે તથા સતાને પડકારવા પણ તૈયારી દાખવે છે.

(૬) સામાજિક પરિવર્તન કરવા યુવાધને સ્વઅર્થી ન બનતા પરમાર્થી બનવું પડે .કારણકે યુવાધન દ્વારા પ્રત્યેક અસ્તિત્વની સ્વીકૃતિ કરવાથી જ સામાજિક પરિવર્તન શકય બને.

(૭) આજનું યુવાધન માને છે કે ભારત એક અબજ લોકોનો દેશ નહિ .એક અબજ માઈન્ડ નો દેશ છે.આમ વસ્તીને મર્યાદા ન ગણતા તાકાત બનાવવાથી જ રાષ્ટ્ર નિર્માણનો ધ્યેય હાંસલ કરી શકાય.

## ૧૨.મારો અનુભવ

સામાજિક પરિવર્તનમાં યુવાનોની ભૂમિકા સંદર્ભે વિચાર કરતા બોલીવુડની હિન્દી ફિલ્મો નો વિચાર આવ્યો . આજના સમયમાં યુવાધન માટે મનોરંજનના સાધનરૂપ ચલચિત્ર રાષ્ટ્રનિર્માણ માટે કઈ રીતે ઉપયોગી થઇ શકે એવો વિચાર આવ્યો. બોલીવુડની હિન્દી ફિલ્મોમાંથી એવી બે હિન્દી ફિલ્મો પસંદ કરી તેને વિચારએકમોમાં વિભાજીત કરી ચાવીરૂપ શબ્દો શોધી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું .આ સંશોધન દ્વારા યુવાધન આ ચલચિત્રોના વિચાર એકમોને સમજી સામાજિક પરિવર્તનમાં પોતાનો ફાળો આપે એ અગત્યનું છે.